સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 25 (19/06/22 to 25/06/22)**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)










JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**19 JUNE-2022**

- દિવસ મહિમા : 19 જૂન, (1) વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ (2) જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે ........ 02
- અમૃત સરોવર મિશન ........ 03
- નવીનીકરણીય વૈશ્વિક સ્થિતિ રિપોર્ટ-2022 (GSR 2022) ........ 04
- QUESTION ANSWERS ........ 06

**20 JUNE-2022**

- દિવસ મહિમા : 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day) ........ 07
- બાલિકા પંચાયત પહેલ (Balika Panchayat Initiative) ........ 07
- ભારતનું આયુષ્ય વધીને 69.7 થયું : SRS ડેટા ........ 08
- શાળા પ્રવેશોત્સવ 2022 ........ 09
- ચીને સૌથી મોટું અને સૌથી આધુનિક એરક્રાફ્ટ કેરિયર 'Fujian' લોન્ચ કર્યું ........ 10
- QUESTION ANSWERS ........ 11

**21 JUNE-2022**

- દિવસ મહિમા : 21 જૂન, (1) વિશ્વ સંગીત દિવસ (2) વિશ્વ યોગ દિવસ (3) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ ........ 12
- સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ ........ 13
- QUESTION ANSWERS ........ 15

**22 JUNE-2022**

- ઓપરેશન સંકલ્પ (Operation Sankalp) ........ 16
- કોંકણ રેલવે નેટવર્કનું 100% વિદ્યુતીકરણ ........ 17
- QUESTION ANSWERS ........ 19

**23 JUNE-2022**

- દિવસ મહિમા : 23 જૂન, (1) સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (2) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ ........ 20
- RBIએ 'Payments Vision 2025' દસ્તાવેજ બહાર પાડ્યો ........ 20
- NIPUN પહેલ ........ 22
- QUESTION ANSWERS ........ 24

**24 JUNE-2022**

- દિવસ મહિમા : 24 જૂન, પાસપોર્ટ સેવા દિવસ (Passport Seva Divas) ........ 25
- પ્રથમ 'ભારત-નેપાળ ભારત ગૌરવ પર્યટક ટ્રેન' ........ 25
- સુશ્રી રુચિરા કંબોજ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ બન્યા ........ 25
- IISc બેંગ્લુરુ ખાતે સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ (CBR)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ........ 26
- QUESTION ANSWERS ........ 27

**25 JUNE-2022**

- દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (2) આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ ........ 28
- વાણિજ્ય ભવન અને નિર્યાત પોર્ટલ ........ 28
- NIAના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી દિનકર ગુપ્તાની નિમણૂક કરવામાં આવી ........ 28
- QUESTION ANSWERS ........ 30

ONE LINER ........ 31

QUESTION OF THIS WEEK ........ 35


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 જૂન, (1) વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ (World Sickle Cell Awarness Day)
## (2) જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે (Father's Day)

### વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ

સિકલ સેલ નામના રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 19 જૂનના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2009થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સિકલ સેલ રોગ એ લાલ રક્ત કોશિકાઓ સાથે સંકળાયેલી વારસાગત બિમારી છે.

### ફાધર્સ ડે



સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં ફાધર્સ ડેની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.

- જોકે, જૂન માસનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવાય છે.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2022માં 19 જૂનના રોજ ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારત ઉપરાંત કેનેડા, ફ્રાન્સ, જાપાન, અમેરિકા સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં ફાધર્સ ડે જૂન માસના ત્રીજા રવિવારે જ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારતમાં કયો દિવસ ક્યારે ઉજવાય છે ?

| ક્રમ | દિવસ | ક્યારે ઉજવાય છે ? |
|---|---|---|
| 1 | Mother's Day | મે માસનો બીજો રવિવાર |
| 2 | Father's Day | જૂન માસનો ત્રીજો રવિવાર |
| 3 | Parent's Day | જુલાઈ માસનો ચોથો રવિવાર |
| 4 | Children Day (બાળ દિવસ) | 14 નવેમ્બર (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન) |
| 5 | International Day of the Girl Child | 11ઓક્ટોબર |

## અમૃત સરોવર મિશન

કેન્દ્ર સરકારે રેલવે મંત્રાલય અને NHAI (National Highways Authority of India)ને અમૃત સરોવર મિશન હેઠળ તેમના માળખાકીય પ્રોજેક્ટ માટે દેશભરના તમામ જિલ્લાઓમાં તળાવો અથવા ખાડાઓમાંથી ખોદવામાં આવેલી માટી અથવા કાપનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

### અમૃત સરોવર યોજના



અમૃત સરોવર મિશન 24 એપ્રિલ, 2022ના રોજ જળ સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું.

- આ મિશન 15 ઓગસ્ટ, 2023 સુધીમાં પૂર્ણ થશે.
- આ મિશનનો ઉદ્દેશ્ય આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દેશના દરેક જિલ્લામાં 75 જળાશયોનો વિકાસ અને પુનર્જીવન કરવાનો છે.
- એકંદરે તેનાથી લગભગ એક એકર કે તેથી વધુ કદના 50,000 જળાશયોનું નિર્માણ થશે.
- દરેક વ્યક્તિગત અમૃત સરોવરમાં 10,000 ક્યુબિક મીટર પાણી રાખવાની ક્ષમતા હશે.
- આ મિશનમાં લોકોની ભાગીદારી કેન્દ્રીય છે.
- તેમાં સ્થાનિક સ્વાતંત્ર્ય સેનાનીઓ, તેમના પરિવારના સભ્યો, પદ્મ પુરસ્કાર વિજેતાઓ અને સ્થાનિક વિસ્તારના નાગરિકો જ્યાં અમૃત સરોવરનું નિર્માણ થવાનું છે તે તમામ તબક્કામાં સામેલ થશે.
- દર 15મી ઓગસ્ટે દરેક અમૃત સરોવર સ્થળ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું આયોજન કરવામાં આવશે.

### સામેલ મંત્રાલયો

આ મિશન 6 મંત્રાલયો/વિભાગો સાથે સર્વગ્રાહી સરકારી અભિગમ સાથે શરૂ કરવામાં આવ્યું છે, જેમ કે :

(1) ગ્રામ વિકાસ વિભાગ

(2) જમીન સંસાધન વિભાગ

(3) પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ

(4) જળ સંસાધન વિભાગ

(5) પંચાયતી રાજ મંત્રાલય

(6) વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય

### તકનીકી ભાગીદાર

મિશન અમૃત સરોવર માટે 'ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ–ઈન્ફોર્મેટિક્સ (BISAG-N)' મિશન અમૃત સરોવર માટે ટેકનીકલ ભાગીદાર તરીકે રોકાયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવીનીકરણીય વૈશ્વિક સ્થિતિ રિપોર્ટ-2022 (GSR 2022)

તાજેતરમાં REN21 (21મી સદી માટે રિન્યુએબલ એનર્જી પોલિસી નેટવર્ક) દ્વારા 'નવીનીકરણીય વૈશ્વિક સ્થિતિ રિપોર્ટ–2022' (રિન્યુએબલ ગ્લોબલ સ્ટેટ્સ રિપોર્ટ 2022-GSR) બહાર પાડવામાં આવ્યો હતો.

- REN21 એ નવીનીકરણીય એજન્ટોનું એક જૂથ છે.
- તેમાં વૈજ્ઞાનિકો, ભારત સરકારના સભ્યો, બિન–સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગોનો સમાવેશ થાય છે, જેમણે વિશ્વભરના દેશોમાં નવીનીકરણીય ઊર્જા સ્થાપનો, બજારો, રોકાણો અને નીતિઓ પર ડેટા એકત્રિત કર્યો છે.
- રિન્યુએબલ એનર્જી ગ્લોબલ સ્ટેટ્સ રિપોર્ટ 2022 રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં થયેલી પ્રગતિનું દસ્તાવેજીકરણ કરે છે.
- તે નવીનીકરણીય–આધારિત અર્થતંત્ર અને સમાજ દ્વારા જન્મેલી તકોને પ્રકાશિત કરે છે, જેમાં સ્થાનિક ઊર્જા ઉત્પાદન અને મૂલ્ય શૃંખલાઓ દ્વારા વધુ વૈવિધ્યસભર અને સમાવિષ્ટ ઊર્જા શાસન હાંસલ કરવાની સંભાવનાઓનો સમાવેશ થાય છે.
- તેમના કુલ ઊર્જા વપરાશમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉચ્ચ હિસ્સો ધરાવતા દેશો ઉચ્ચ સ્તરની ઊર્જા સ્વતંત્રતા અને સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

### રિપોર્ટની વિશેષતાઓ

#### વૈશ્વિક

આ અહેવાલ સ્પષ્ટ ચેતવણી આપે છે કે વૈશ્વિક સ્વચ્છ ઊર્જા સંક્રમણ થઈ રહ્યું નથી, તે શંકાસ્પદ બનાવે છે કે શું વિશ્વ આ દાયકામાં મહત્વપૂર્ણ આબોહવા લક્ષ્યો પ્રાપ્ત કરી શકશે કે કેમ.

- જોકે ઘણી સરકારોએ 2021માં શૂન્ય ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે.
- પરંતુ વાસ્તવિકતા એ છે કે ઊર્જા સંકટના પ્રતિભાવમાં મોટાભાગના દેશો અશિમભૂત ઈંધણના નવા સ્ત્રોતો શોધી રહ્યા છે અને વધુ કોલસો, તેલ અને કદરતી ગેસનો ઉપયોગ કરી રહ્યા છે.
- નવેમ્બર, 2021માં COP-26ની આગેવાનીમાં રેકોર્ડ 135 દેશોએ 2050 સુધીમાં નેટ શૂન્ય ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન હાંસલ કરવાનું વચન આપ્યું હતું.
- જોકે તેમાંથી માત્ર 84 દેશોમાં નવીનીકરણીય ઊર્જા માટે અર્થતંત્ર–વ્યાપી લક્ષ્યો હતા અને માત્ર 36 પાસે 100% નવીનીકરણીય ઊર્જા લક્ષ્યાંક હતા.

## ભારતનું પ્રદર્શન

વર્ષ 2021માં ચીન અને રશિયા પછી રિન્યુએબલ એનર્જી ઈન્સ્ટોલેશનમાં ભારત ત્રીજા ક્રમે છે.

- ભારતે વર્ષ 2021માં 843 મેગાવોટ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવરમાં વૃદ્ધિ કરી છે, જેના કારણે કુલ ક્ષમતા વધીને 45.3 GW થઈ ગઈ છે.
- નવી સોલાર ફોટોવોલ્ટેઈક ક્ષમતા માટે ભારત એશિયામાં બીજા નંબરનું અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું બજાર છે.
- ભારત જર્મની (59.2 GW)ને હરાવીને કુલ સ્થાપનો (60.4 GW) ક્ષમતામાં ચોથા સ્થાને પહોંચી ગયું છે.
- કુલ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા (40.1 GW)ની દૃષ્ટિએ ચીન, યુએસ અને જર્મની પછી ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે.



1. ‘વિશ્વ સિકલ સેલ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 જૂન (B) 18 જૂન (C) 19 જૂન (D) 20 જૂન **(C)**

2. ભારતમાં ફાધર્સ ડે તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 જૂન (B) જૂન માસનો ત્રીજો રવિવાર

(C) 22 જૂન (D) જૂન માસનો ચોથો રવિવાર **(B)**

3. ભારતમાં વર્ષ 2022માં કયા દિવસે ‘ફાધર્સ ડે’ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 20 જૂન (B) 19 જૂન (C) 18 જૂન (D) 17 જૂન **(B)**

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે રેલવે મંત્રાલય અને NHAIને અમૃત સરોવર મિશન હેઠળ તેમના માળખાકીય પ્રોજેક્ટ માટે તળાવોમાંથી ખોદવામાં આવેલી માટી અથવા કાપનો ઉપયોગ કરવા જણાવ્યું છે. આ અમૃત સરોવર મિશન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. અમૃત સરોવર મિશન 24 એપ્રિલ, 2022ના રોજ જળ સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું.
2. આ મિશન 26 જાન્યુઆરી, 2025 સુધીમાં પૂર્ણ થશે.
3. આ મિશન દ્વારા એકંદર લગભગ એક એકર કે તેનાથી વધુ કદના 50,000 જળાશયોનું નિર્માણ થશે.
4. દરેક વ્યક્તિગત અમૃત સરોવરમાં 10,000 ક્યુબિક મીટર પાણી રાખવાની ક્ષમતા હશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(B)**

5. નવીનીકરણીય વૈશ્વિક સ્થિતિ રિપોર્ટ 2022 (GSR 2022) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. REN 21 (21મી સદી માટે રિન્યુએબલ એનર્જી પોલિસી નેટવર્ક) દ્વારા આ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં ચીન અને રશિયા પછી રિન્યુએબલ ઈન્સ્ટોલેશનમાં ભારત ત્રીજા ક્રમે છે.
3. નવી સોલાર ફોટોવોલ્ટેઈક ક્ષમતા માટે ભારત એશિયામાં બીજા નંબરનું અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું બજાર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 જૂનના રોજ 'વિશ્વ શરણાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શરણાર્થીઓની સ્થિતિ અંગે જાગૃતિ લાવવાનો છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2001થી આ દિવસ ઉજવાય છે.
- વર્ષ 2022ની 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ 'Whoever. Wherever. whenever. Everyone has the right to seek safety' છે.

## બાલિકા પંચાયત પહેલ (Balika Panchayat Initiative)



ભારતની સૌપ્રથમ બાલિકા પંચાયત તરીકે ઓળખાતી 'બાલિકા પંચાયત' ગુજરાતના કચ્છ જિલ્લાના અનેક ગામોમાં શરૂ કરવામાં આવી છે.

- બાલિકા પંચાયત પહેલ દીકરીઓના સામાજિક અને રાજકીય વિકાસ પ્રોત્સાહન આપવા તેમજ રાજકારણમાં દીકરીઓની સક્રિય ભાગીદારીને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી છે.
- હાલમાં આ પહેલ ગુજરાતના કચ્છ જિલ્લાના કુનારિયા, મોટાગુઆ, મસ્કા અને વડસર ગામોમાં શરૂ કરવામાં આવી છે.

### કયા વિભાગે આ પહેલ શરૂ કરી ?

બાલિકા પંચાયત પહેલ ગુજરાત સરકારના 'મહિલા અને બાળ વિકાસ કલ્યાણ વિભાગ' દ્વારા શરૂ કરવામાં આવી હતી.

- તેની શરૂઆત 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન હેઠળ કરવામાં આવી છે.
- નોંધનીય છે કે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સમગ્ર ભારતમાં બાલિકા પંચાયત શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

### સંચાલન

બાલિકા પંચાયતનું સંચાલન 11-21 વર્ષની વયના લોકો દ્વારા કરવામાં આવે છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઉદ્દેશ્યો

બાલિકા પંચાયતના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) બાલિકા પંચાયતનો મુખ્ય ઉદ્દેશ્ય દીકરીના સામાજિક અને રાજકીય વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

(b) તે સમાજમાંથી બાળ લગ્ન અને દહેજ પ્રથા જેવી દુષણોને દૂર કરવાનો પણ પ્રયાસ કરે છે.

(c) તેનો હેતું પંચાયતમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં છોકરીઓની નોંધણી કરવાનો છે.

(d) આ પહેલ બાળપણથી જ છોકરીઓને રાજકારણમાં સક્રિય બનાવવાનો પ્રયાસ કરે છે.

### બાલિકા પંચાયતના સરપંચ

20 વર્ષિય સુશ્રી ઉર્મિ આહિરને બાલિકા પંચાયતની સરપંચ બનાવવામાં આવી છે.

### બાલિકા પંચાયતમાં સભ્યનું નામાંકન

ગ્રામ પંચાયતની જેમ જ બાલિકા પંચાયતના સભ્યનું નામાંકન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું આયુષ્ય વધીને 69.7 થયું : SRS ડેટા

સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS)ના ડેટા અનુસાર 2015-2019 દરમિયાન ભારતની જન્મ સમયે અપેક્ષિત આયુ 69.7 પર પહોંચી ગઈ છે.

- જોકે ભારતનું આયુષ્ય હજુ પણ વૈશ્વિક સરેરાશ 72.6 ની નીચે છે.
- ડેટા સૂચવે છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના મૃત્યુદર અને શિશુ મૃત્યુદર એક પરિબળ હોઈ શકે છે, જે ભારતમાં જન્મ સમયે આયુષ્ય વધારવાનું મુશ્કેલ બનાવે છે.
- જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય અને એક વર્ષ કે પાંચ વર્ષની અપેક્ષિત આયુ વચ્ચેનો તફાવત મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં સૌથી વધુ છે, જ્યાં શિશુ મૃત્યુદર સૌથી વધુ છે.
- મધ્યપ્રદેશમાં સૌથી વધુ 43 બાળ મૃત્યુદર છે.

### જન્મ સમયે આયુષ્ય

ભારતમાં જન્મ સમયે આયુષ્યમાં 20 વર્ષનો વધારો થયો છે, જે 1970-75માં 49.7 થી વધીને 2015-2019માં 69.7 થયો છે.

- રાજ્યોમાં ઓડિશામાં સૌથી વધુ 45.7 થી 69.8 નો વધારો જોવા મળ્યો હતો.
- ઓડિશા પછી તમિલનાડુ (49.6 થી વધીને 72.6) આવે છે.
- ઉત્તરપ્રદેશમાં 1970-75માં 43 વર્ષની વયે આયુષ્ય સૌથી ઓછું હતું જે 2015-2019માં વધીને 65.6 થઈ ગયું છે.

## ગ્રામીણ અને શહેરી વિભાગ

શહેરી અને ગ્રામીણ વિસ્તારો તેમજ રાજ્યોમાં જન્મ સમયે અપેક્ષિત આયુષ્યમાં નોંધપાત્ર તફાવત છે.

- હિમાચલ પ્રદેશમાં શહેરી મહિલાઓનું આયુષ્ય જન્મ સમયે સૌથી વધુ 82.3 વર્ષ હતું.
- છત્તીસગઢમાં ગ્રામીણ પુરુષોનું આયુષ્ય જન્મ સમયે સૌથી ઓછુ હતું, માત્ર 62.8 વર્ષ.
- આસામના ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચે આયુષ્યમાં 8 વર્ષનું અંતર છે, તે પછી હિમાચલપ્રદેશ પાંચ વર્ષના અંતરાલ સાથે આવે છે.
- કેરળ એકમાત્ર રાજ્ય છે જ્યાં જન્મ સમયે ગ્રામીણ આયુષ્ય મહિલાઓ અને પુરુષો બંને માટે શહેરી કરતાં વધારે છે.
- બિહાર અને ઝારખંડ એકમાત્ર એવા રાજ્યો છે જ્યાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં મહિલાઓ કરતાં પુરુષોનું આયુષ્ય વધારે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શાળા પ્રવેશોત્સવ 2022

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તારીખ 23 થી 25 જૂન, 2022 દરમિયાન શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાની મેમદપુર પ્રાથમિક શાળા ખાતેથી 17મા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું નેતૃત્વ કરીને રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના શાળા શિક્ષણની સ્થિતિ બદલવા અને બાળકોના પ્રારંભિક શિક્ષણને વેગ આપવા વર્ષ 2003 થી શરૂ કરાવેલા આ શાળા પ્રવેશોત્સવથી રાજ્યની શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- પ્રવેશોત્સવ દ્વારા ગામમાં ઉત્સાહનો માહોલ ઊભો થાય છે અને ગ્રામજનો પોતાના બાળકોને શાળાએ મોકલવા માટે પ્રોત્સાહિત થાય છે.

**નોંધ:** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શાળા પ્રવેશોત્સવ 2022 અંતર્ગત અમદાવાદમાં મેમનગર સ્માર્ટ (અનુપમ) શાળાનું લોકાપર્ણ કર્યુ હતું.

## ચીને સૌથી મોટું અને સૌથી આધુનિક એરક્રાફ્ટ કેરિયર 'Fujian' લોન્ચ કર્યુ



તાજેતરમાં ચીને ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં તેની નૌકાદળની શ્રેણીને વિસ્તારવા માટે 'ફુજીયાન' (Fujian)નામનું તેમનું ત્રીજું વિમાનવાહક જહાજ (Aircraft Carrier) લોન્ચ કર્યુ હતું.

- આ વિમાનવાહક જહાજ સૌથી અદ્યતન અને સૌપ્રથમ સંપૂર્ણ રીતે સ્થાનિક રીતે બનેલ નૌકા જહાજ છે.
- શાંઘાઈના જિઆંગનાન શિપયાર્ડ ખાતે એક સંક્ષિપ્ત સમારંભમાં તેનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- તે સૌપ્રથમ સ્થાનિક રીતે ડિઝાઈન કરેલ અને બિલ્ટ કેટપલ્ટ વિમાનવાહક જહાજ છે.
- આ વિમાનવાહક જહાજ ચાઈના સ્ટેટ શિપબિલ્ડિંગ કોર્પોરેશન લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યું છે.

### ફુજિયાન વિશે

ફુજિયાનનું નામ ચીનના પૂર્વ તટીય પ્રાંતના નામ પરથી પડ્યું છે જે તાઈવાનની નજીક સ્થિત છે.

- ફુજિયાનનું કુલ વજન 80,000 ટન છે, જે હાલના ચાઈનીઝ કેરિયર્સ કરતા ઘણું વધારે છે.
- ફુજિયાનને નવીનતમ લોન્ચ ટેકનોલોજી 'Electromagnetic Aircraft Launch System' થી સજ્જ કરવામાં આવ્યું છે, જે સૌપ્રથમ યુએસ નેવી દ્વારા વિકસાવવામાં આવી હતી.
- તેમાં ટેક–ઓફ અને લેન્ડિંગ માટે સીધી ફ્લેટ–ટોપ ફ્લાઈટ ડેક પણ છે.

નોંધ: (1) લિયાઓનિંગ ચીનનું પ્રથમ વિમાનવાહક જહાજ હતું તથા Shandong નામનું બીજું વિમાનવાહક જહાજ હતું.

(2) ચીન પાંચ વિમાનવાહક જહાજ લોન્ચ કરવાની યોજના ધરાવે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ શરણાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 જૂન (B) 19 જૂન (C) 20 જૂન (D) 30 જૂન **(C)**

2. વર્ષ 2022ની 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ શું છે ?

(A) Refugee youth : Building the future

(B) We stand together with refugee

(C) Take a step on world refugee day

(D) Whoever. wherever. whenever. everyone has the right to seek safety **(D)**

3. ભારતની સૌપ્રથમ બાલિકા પંચાયત તરીકે ઓળખાતી 'બાલિકા પંચાયત' ગુજરાતના .............જિલ્લાના અનેક ગામોમાં શરૂ કરવામાં આવી છે.

(A) કચ્છ (B) જૂનાગઢ (C) પાટણ (D) ગીર સોમનાથ **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'બાલિકા પંચાયત પહેલ' (Balika Panchayat Initiative) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) બાલિકા પંચાયત પહેલ દીકરીઓના સામાજિક અને રાજકીય વિકાસ પ્રોત્સાહન આપવા તેમજ રાજકારણમાં દીકરીઓની સક્રિય ભાગીદારીને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી છે.

(B) આ પહેલ હાલમાં ગુજરાતના કચ્છ જિલ્લાના અમુક ગામોમાં શરૂ કરવામાં આવી છે.

(C) બાલિકા પંચાયત પહેલ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ કલ્યાણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

(D) ઉપરોક્ત તમામ સાચા **(D)**

5. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS)ના ડેટા અનુસાર 2015-2019 દરમિયાન ભારતની જન્મ સમયે અપેક્ષિત આયુ ...........પર પહોંચી ગઈ છે.

(A) 61.68 (B) 69.7 (C) 72.78 (D) 63.48 **(B)**

6. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાની ...........પ્રાથમિક શાળા ખાતેથી 'શાળા પ્રવેશોત્સવ 2022'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

(A) ભરોડ પ્રાથમિક શાળા (B) ભલગામ પ્રાથમિક શાળા

(C) મેમદપુર પ્રાથમિક શાળા (D) પાલડી પ્રાથમિક શાળા **(C)**

7. તાજેતરમાં કયા દેશે સૌથી મોટું અને સૌથી આધુનિક એરક્રાફ્ટ કેરિયર (વિમાનવાહક જહાજ) 'Fujian' લોન્ચ કર્યુ છે ?

(A) ચીન (B) જાપાન (C) રશિયા (D) ઈઝરાયેલ **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 21 જૂન, (1) વિશ્વ સંગીત દિવસ (World Music Day)**
**(2) વિશ્વ યોગ દિવસ (International Day of Yoga)**
**(3) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ (World Hydrography Day)**

## વિશ્વ યોગ દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2022મા આઠમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય યોગના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો અને લોકોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે.

**નોંધ:** (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વ યોગ દિવસના કાર્યક્રમોમાં મૈસુરથી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના સંબોધન દરમિયાન યોગને પાર્ટ ઓફ લાઈફ નહિં પરંતુ વે ઓફ લાઈફ બનાવવા આહવાન કર્યુ હતું.

(2) રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી ડૉ. ભાગવત કિશનરાવ કરાડ તેમજ શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ષ 2022ની વિશ્વ યોગ દિવસની થીમ

વર્ષ 2022ની 'વિશ્વ યોગ દિવસ'ની થીમ 'Yoga for Humanity' (માનવતા માટે યોગ) છે.

## વિશ્વ યોગ દિવસનો ઇતિહાસ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં યોગ દિવસની ઉજવણી માટેનો પ્રસ્તાવ મૂક્યો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સૌથી ઓછા સમયમાં એટલે કે ફક્ત 90 દિવસમાં જ મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## વિશ્વ યોગ દિવસ 21 જૂનના રોજ શા માટે ઉજવાય છે ?

21 જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે. આ ઉપરાંત આ દિવસે સૂર્યની વિશિષ્ટ સ્થિતિને કારણે યોગ માટે તેનું વિશેષ મહત્વ છે.

- આથી 'વિશ્વ યોગ દિવસ' તરીકે 21 જૂનની પસંદગી કરવામાં આવી છે.

# સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ



તાજેતરમાં કેન્દ્ર સરકારે 'સિંગલ યુઝ પ્લાસ્ટિક' (Single-use plastic) વસ્તુઓની યાદી તૈયાર કરી છે જેના પર 1 જુલાઈ, 2022થી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

- પોલિસ્ટરીન અને વિસ્તૃત પોલિસ્ટરીન સહિત નોટિફાઈડ પ્લાસ્ટિકનું ઉત્પાદન, આયાત, સ્ટોકિંગ, વિતરણ, વેચાણ અને ઉપયોગ પર 1 જુલાઈ, 2022થી પ્રતિબંધ કરવામાં આવ્યો છે.

## સિંગલ યુઝ પ્લાસ્ટિક

સિંગલ યુઝ પ્લાસ્ટિક એ પ્લાસ્ટિકની વસ્તુઓનો સંદર્ભ આપે છે, જેનો એકવાર ઉપયોગ કરવામાં આવે છે અને તેને ફેંકી દેવામાં આવે છે.

- તે કોમોડિટી પેકેજીંગથી લઈને બોટલો, પોલીથીન બેગ, કોફી કપ, ફેસ માસ્ક, ગાર્બેજબેગ, ફૂડ પેકેજીંગ વગેરેમાં ઉત્પાદિત અને ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકનો સૌથી વધુ હિસ્સો ધરાવે છે.

## સિંગલ યુઝ પ્લાસ્ટિકનો હિસ્સો

ઓસ્ટ્રેલિયાના મિન્ડેરૂ ફાઉન્ડેશનના 2021ના અહેવાલ મુજબ વિશ્વભરમાં ઉત્પાદિત પ્લાસિટકના ત્રીજા ભાગ માટે સિંગલ–યુઝ પ્લાસ્ટિકનો હિસ્સો છે.

- જેમાં 98% અશ્મિભૂત ઈંધણમાંથી બનાવવામાં આવે છે.
- તે વર્ષ 2019માં વૈશ્વિક સ્તરે 130 મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિક કચરામાંથી મોટા ભાગના માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક માટે જવાબદાર છે. જે તમામને બાળી નાખવામાં આવે છે, લેન્ડફિલ્ડ કરવામાં આવે છે અથવા સીધા પર્યાવરણમાં છોડવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન

મિન્ડેરુ ફાઉન્ડેશનના 2021ના રિપોર્ટ અનુસાર સિંગલ યુઝ પ્લાસ્ટિક વેસ્ટનું ઉત્પાદન કરવામાં ભારત ટોચના 100 દેશોમાં સામેલ છે. તે 94મા ક્રમે છે.

- ટોચના ત્રણ દેશોમાં સિંગાપુર, ઓસ્ટ્રેલિયા અને ઓમાન છે.
- ભારતમાં સ્થાનિક ઉત્પાદન વાર્ષિક 11.8 મિલિયન મેટ્રિક ટન છે.
- ભારતમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક વેસ્ટનું ચોખ્ખુ ઉત્પાદન 5.6 MMT છે.

## પ્રતિબંધોના અમલ માટેની પ્રક્રિયા

### નિરીક્ષણ દ્વારા

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અને સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (SPCBs) દ્વારા કેન્દ્ર તરફથી પ્રતિબંધ પર નજર રાખવામાં આવશે. જેઓ નિયમિતપણ કેન્દ્રને રિપોર્ટ કરશે.

### દંડ

પ્રતિબંધનું ઉલ્લંઘન કરનારાઓને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ 1986 હેઠળ શિક્ષા થઈ શકે છે– જે 5 વર્ષ સુધીની કેદ અથવા 1 લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે.

- CPCB દ્વારા ઉલ્લંઘન કરનારાઓને પર્યાવરણીય નુકસાનનું વળતર ચૂકવવા માટે પણ કહેવામાં આવી શકે છે.
- આ ઉપરાંત પ્લાસ્ટિક કચરા અંગે મ્યુનિસિપલ કાયદાઓ છે, તેમના પોતાના દંડ સંહિતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ સંગીત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન (B)

2. દર વર્ષે 21 જૂનના રોજ નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?

(A) વિશ્વ યોગ દિવસ (B) વિશ્વ સંગીત દિવસ

(C) વિશ્વ હાઈડ્રોજન દિવસ (D) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ (C)

3. 21 જૂન, 2022ના રોજ કેટલામાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) પાંચમા (B) છઠ્ઠા (C) સાતમાં (D) આઠમાં (D)

4. વર્ષ 2022ના 'વિશ્વ યોગ દિવસ'ની થીમ શું છે ?

(A) Yoga for Humanity (B) Yoga for Health

(C) Yoga for Climate Action (D) Yoga for Wellness (A)

5. 1 જૂલાઈ, 2022થી કેન્દ્ર સરકાર દ્વારા નીચેનામાંથી કઈ વસ્તુ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ?

(A) સિંગલ યુઝ પ્લાસ્ટિક (B) કાપડની બેગ પર

(C) ડિઝલ પર (D) CNG ગેસ પર (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓપરેશન સંકલ્પ (Operation Sankalp)

ભારતીય નૌકાદળનું સ્ટીલ્થ ફ્રિગેટ INS તલવાર 'ઓપરેશન સંકલ્પ' માટે તૈનાત છે.

- જે ભારતના દરિયાઈ હિતોની સુરક્ષાના ઉદ્દેશ્ય સાથે ગલ્ફ ક્ષેત્રમાં ભારતીય નૌકાદળની હાજરીમાં સતત ત્રીજા વર્ષે છે.

### ઓપરેશન સંકલ્પ



ભારતીય નૌકાદળે ભારતીય જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પર્સિયન ગલ્ફ ઓમાનના અખાતમાં 'ઓપરેશન સંકલ્પ' શરૂ કર્યુ હતું.

- જૂન 2019માં ઓમાનના અખાતમાં વેપારી જહાજો પર થયેલા હુમલા બાદ ગલ્ફ ક્ષેત્રમાં કથળતી સુરક્ષાને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળે 19 જૂન, 2019ના રોજ હોર્મુઝ સ્ટ્રેટ (હોર્મુઝ જળસંધિ)માંથી પસાર થતા ભારતીય ધ્વજ ધરાવતા જહાજોના સલામત માર્ગની ખાતરી કરવા માટે ગલ્ફ પ્રદેશોમાં ઓપરેશન સકંલ્પ નામના દરિયાઈ સુરક્ષાની કાર્યની શરૂઆત કરી હતી.
- આ ઓપરેશન માટે અત્યાર સુધીમાં 23 યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવ્યા છે અને ગલ્ફ ક્ષેત્રમાં દરરોજ સરેરાશ 16 ભારતીય ધ્વજ વેપારી જહાજોને સલામત માર્ગ પ્રદાન કરવામાં આવી રહ્યો છે.
- ભારતીય નૌકાદળનું સ્ટીલ્થ ફ્રિગેટ INS તલવાર હાલમાં ગલ્ફ પ્રદેશમાં તૈનાત છે.
- આ ઓપરેશન વિદેશ મંત્રાલય, શિપિંગ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય સહિતના હિતધારકોના સહયોગથી હાથ ધરવામાં આવે છે.

નોંધ: (1) INS તલવાર (F40) એ ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજોના તલવાર વર્ગનું મુખ્ય જહાજ છે.

(2) રશિયન નિર્મિત આ જહાજને જૂન 2003માં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

### પર્સિયન ગલ્ફ

પર્સિયન ગલ્ફને અરેબિયન ગલ્ફ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે અરબી દ્વીપકલ્પ અને દક્ષિણ–પશ્ચિમ ઈરાન વચ્ચે સ્થિત હિંદ મહાસાગરમાં એક છીછરો સીમાંત સમુદ્ર છે.

- તેની લંબાઈ લગભગ 90 કિ.મી છે. અને હોર્મુઝ સ્ટ્રેટમાં તેની પહોળાઈ મહત્તમ 340 કિ.મીથી લઈને ન્યૂનતમ 55 કિ.મી સુધી હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ પ્રદેશમાં વિશ્વના અંદાજિત અનુમાનિત સિદ્ધ તેલના ભંડારોના લગભગ બે તૃતિયાંશ અને વિશ્વના અનુમાનિત સિદ્ધ કુદરતી ગેસના એક તૃતીયાંશ ભંડાર છે.
- દરિયાઈ વેપારનો નોંધપાત્ર જથ્થો અખાતમાંથી પસાર થાય છે, જેના કારણે ઈરાન, કુવૈત, સાઉદી અરેબિયા, બહેરીન, સંયુક્ત આરબ અમીરાત અને અન્ય સ્થળોએ સ્થિત દરિયાઈ ટર્મિનલ્સથી વિશ્વના તમામ ભાગોમાં તેલ વહન કરતા મોટા ટેન્કરોનો ટ્રાફિક થાય છે.

### ઓમાનનો અખાત

ઓમાનનો અખાત અરબી સમુદ્રના ઉત્તરપશ્ચિમ ભાગમાં અરેબિયા દ્વીપકલ્પ (ઓમાન) અને ઈરાનના પૂર્વ ભાગ વચ્ચે સ્થિત છે.

- તે 560 કિ.મી લાંબુ છે અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા પર્સિયન ગલ્ફ સાથે જોડાય છે.
- તે પર્સિયન ગલ્ફની આસપાસના તેલ ઉત્પાદક પ્રદેશ માટે શિપિંગ માર્ગ છે.
- તે અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરમાંથી પર્સિયન ગલ્ફમાં પ્રવેશવાનો એકમાત્ર પ્રવેશદ્વાર પૂરો પાડે છે.
- આમ વિશ્વના મોટા તેલ નિકાસકારો અને આયાતકારો તેની સુરક્ષામાં સંયુક્ત હિત ધરાવે છે.

## કોંકણ રેલવે નેટવર્કનું 100% વિદ્યુતીકરણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોંકણ રેલવે માર્ગનું 100% વિદ્યુતીકરણ ભારતને સમર્પિત કર્યુ હતું.

- તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રત્નાગીરી, માર્ગો અને ઉડુપીથી ઈલેક્ટ્રિક ટ્રેકશન પર ચાલતી ટ્રેનોને ફ્લેગ ઓફ કર્યુ હતું.

### કોંકણ રેલવેનું વિદ્યુતીકરણ



કોંકણ રેલવેએ માર્ચ 2022માં મુંબઈ નજીકના રોહાથી મેંગલુરુના થોકુર સુધીના તેના 741 કિમીના રૂટનું વિદ્યુતીકરણ કર્યુ હતું.

- 741 કિલોમીટરના નેટવર્કને 28 માર્ચ, 2022ના રોજ ટ્રેન સંચાલન માટે પ્રમાણિત કરવામાં આવ્યું હતું.
- ભારતના રેલવે વિદ્યુતીકરણના સૌથી મોટા ભાગોના ગ્રીન ટ્રાન્સપોર્ટની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.
- કોંકણ રેલવે એ ભારતીય રેલવે નેટવર્ક પર ભારતના સૌથી મોટા રેલવે માર્ગ પૈકી એક છે.
- આ રૂટ પર તબક્કાવાર ઈલેક્ટ્રિક ટ્રેકશનવાળી ટ્રેનો ચલાવવામાં આવશે.
- આ માર્ગના વીજળીકરણથી ઈંધણ ખર્ચમાં રૂ. 150 કરોડથી બચત થવાની અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કોંકણ રેલવે

કોંકણ રેલવે કોંકણ રેલવે કોર્પોરેશન દ્વારા સંચાલિત છે.

- તેનું મુખ્યમથક મહારાષ્ટ્રના નવી મુંબઈ ખાતે આવેલું છે.
- પ્રથમ પેસેન્જર ટ્રેન 23 માર્ચ, 1993ના રોજ ઉડુપી અને મેંગ્લોર વચ્ચે કોંકણ રેલવે ટ્રેક પર દોડી હતી.
- કામગીરીના શરૂઆતના વર્ષો દરમિયાન પર્વતીય કોંકણ પ્રદેશમાં અનેક અકસ્માતો થયા હતા, જેના કારણે કોંકણ રેલવેએ નવી ટેકનોલોજી જેમ કે અથડામણ વિરોધી ઉપકરણો, રોલ–ઓન/રોલ–ઓફ અને સ્કાયબસ દાખલ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

**નોંધ:** (1) કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ (KRCL) એ જાહેરક્ષેત્રની ઉપક્રમ છે, જેનું મુખ્ય મથક નવી મુંબઈમાં છે.

(2) તે કોંકણ રેલવેનું સંચાલન પણ કરે છે અને રેલવે સંબંધિત અન્ય પ્રોજેક્ટ પણ ચલાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




**1.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઓપરેશન સંકલ્પ' (Operation Sankalp) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતીય નૌકાદળે ભારતીય જહાજોની સુરક્ષા સનિશ્ચિત કરવા માટે પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાતમાં ઓપરેશન સંકલ્પ શરૂ કર્યુ હતું.
2. આ ઓપરેશન દ્વારા અત્યાર સુધીમાં 23 યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવ્યા અને ગલ્ફ ક્ષેત્રમાં દરરોજ સરેરાશ 16 ભારતીય ધ્વજ વેપારી જહાજોને સલામત માર્ગ પ્રદાન કરવામાં આવી રહ્યો છે.
3. ભારતીય નૌકાદળનું સ્ટીલ્થ ફ્રિગેટ INS તલવાર હાલમાં ગલ્ફ પ્રદેશમાં છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, અને 3 **(D)**

---

**2.** પર્સિયન ગલ્ફ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) પર્સિયન ગલ્ફને અરેબિયન ગલ્ફ તરીકે પણ ઓળખવામાં આવે છે.

(B) તે અરબી દ્વીપકલ્પ અને દક્ષિણ પશ્ચિમ ઈરાન વચ્ચે સ્થિત હિંદ મહાસાગરમાં એક છીછરો સીમાંત સમુદ્ર છે.

(C) (A) અને બંને (B) સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

---

**3.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોંકણ રેલવે માર્ગનું 100% વિદ્યુતીકરણ ભારતને સમર્પિત કર્યુ હતું. આ કોંકણ રેલવે સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કોંકણ રેલવે 'કોંકણ રેલવે કોર્પોરેશન' દ્વારા સંચાલિત છે.
2. તેનું મુખ્યમથક મહારાષ્ટ્રના નવી મુંબઈ ખાતે આવેલું છે.
3. પ્રથમ પેસેન્જર ટ્રેન 23 માર્ચ, 1993ના રોજ ઉડુપી અને મેંગ્લોર વચ્ચે કોંકણ રેલવે ટ્રેક પર દોડી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 જૂન, (1) સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (United Nations Public Service Day)
## (2) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ (International Olympic Day)

### આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ




આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની સ્થાપના 23 જૂન, 1894ના રોજ પેરિસમાં કરવામાં આવી હતી.

- આથી, આ દિવસની યાદમાં 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી સૌપ્રથમ વર્ષ 1948માં કરવામાં આવી હતી.
- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય લોકોમાં રમતગમતને પ્રોત્સાહિત કરવાનો અને રમતગમતને જીવનનો અભિન્ન અંગ બનાવવાનો સંદેશ ફેલાવવાનો છે.

## RBIએ 'Payments Vision 2025' દસ્તાવેજ બહાર પાડ્યો

તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ પ્રત્યેક વપરાશકર્તાને સુરક્ષિત, ઝડપી, અનુકૂળ, સુલભ અને સસ્તું ઈ–ચૂકવણી વિકલ્પ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે 'પેમેન્ટ વિઝન 2025' રજૂ કર્યુ હતું.

### Payments Vision 2025



RBIના પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમના નિયમન અને દેખરેખ માટે બોર્ડના માર્ગદર્શન હેઠળ પેમેન્ટ વિઝન 2025 ઘડવામાં આવ્યું છે.

- તે પેમેન્ટ વિઝન 2019-21ની પહેલ પર આધારિત છે.
- પેમેન્ટ્સ વિઝન 2025 દસ્તાવેજ સર્વસમાવેશકતા, સમાવેશ, નવીનતા, સંસ્થાકીયકરણ અને આંતરરાષ્ટ્રીયકરણના પાંચ મૂખ્ય લક્ષ્યો સ્થાનો પર પ્રસ્તુત કરવામાં આવ્યા છે.
- આ દસ્તાવેજમાં શામેલ છે :
  (a) ચુકવણીમાં Bigtech અને Fintech માટેના નિયમો
  (b) 'Buy Now Pay Later' (BNPL) સેવાઓ સાથે ચુકવણી પર માર્ગદર્શિકા
  (c) સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC)નો પરિચય
  (d) ક્રેડિટ કાર્ડની સાથે–સાથે બેંકિંગ ઉત્પાદકોને ક્રેડિટ ઘટકોને UPI સાથે જોડવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## થીમ

E-Payments for Everyone, Everywhere, Everytime (4Es)

## ઉદ્દેશ્યો

પેમેન્ટ્સ વિઝન 2025 દસ્તાવેજનો ઉદ્દેશ્ય દરેક વપરાશકર્તાને સુરક્ષિત અને સસ્તું ઈ–ચુકવણી વિકલ્પ પ્રદાન કરવાનો છે.

- કોઈપણ સમયે અને ગમે ત્યાં સગવડતા સાથે સુલભ ચુકવણી વિકલ્પો સાથે વપરાશકર્તાઓને સશક્ત બનાવવાના ક્ષેત્રમાં ચુકવણી પ્રણાલીઓને અપગ્રેડ કરવામાં મદદરૂપ કરવું.
- બંધ સિસ્ટમ PPIs સહિત પ્રીપેડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ (PPIs) માટે ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવહારો અને પુનરાવર્તન માર્ગદર્શિકાના જીઓટેગીંગને સક્ષમ કરવું.
- ચૂકવણી ઈકોસિસ્ટમમાં તમામ મહત્ત્વપૂર્ણ મધ્યસ્થીઓનું નિયમન કરવું અને ક્રેડિટ કાર્ડ અને બેકિંગ ઉત્પાદનોના ક્રેડિટ ઘટકોને UPI સાથે લિંક કરવું.
- વન નેશન વન ગ્રીડ ક્લીયરિંગ અને સેટલમેન્ટ પરિપ્રેક્ષ્ય સાથે ચેક ટ્રંકેશન સિસ્ટમ (CTS)ને વધારવા અને મોબાઈલ બેન્કિંગનો ઉપયોગ કરીને ઓનલાઈન મર્ચન્ટ પેમેન્ટની પ્રક્રિયા કરવા માટે પેમેન્ટ સિસ્ટમ બનાવવી.
- પેમેન્ટ સેક્ટરમાં Bigtech અને Fintechનું નિયમન કરવું.
- Book Now Pay Later (BNPL) પદ્ધતિઓની તપાસ અને BNPL લિંક્ડ પેમેન્ટ્સ પર યોગ્ય માર્ગદર્શિકા નિર્ધારિત કરવી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રાપ્ત કરવા માટે નિર્ધારિત કરેલા લક્ષ્યો

ચેક–આધારિત ચૂકવણીની રકમ કુલ છૂટક ચૂકવણીના 0.25% કરતા ઓછી હોવી જોઈએ.

- ડિજિટલ પેમેન્ટ વ્યવહારોની સંખ્યા ત્રણ ગણી કરવી.
- UPIએ 50%ની સરેરાશ વાર્ષિક વૃદ્ધિ અને IMPS/NEFT એ 20%ની વૃદ્ધિ નોંધાવવી.
- પેમેન્ટ ટ્રાન્ઝેક્શન ટર્નઓવરને GDPની તુલનામાં 8% કરવી.
- POS (Point of Sale) પર ડેબિટ કાર્ડ વ્યવહારોમાં 20%ની વૃદ્ધિ.
- મૂલ્યની દષ્ટિએ ક્રેડિટ કાર્ડને પાછળ છોડવા માટે ડેબિટ કાર્ડનો ઉપયોગ.
- PPI વ્યવહારોમાં 150 ટકાનો વધારો.
- કાર્ડ સ્વીકૃતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારીને 250 લાખ કરવામાં આવશે.
- મોબાઈલ આધારિત વ્યવહારો માટે નોંધાયેલા ગ્રાહક આધારમાં 50% CAGR વધારો.
- GDPની ટકાવરી તરીકે કેશ ઈન સર્ક્યુલેશન (CIC)માં ઘટાડો.

## NIPUN પહેલ

20 જૂન, 2022ના રોજ કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ NIPUN નામનો એક નવીન પ્રોજેક્ટ શરૂ કર્યો હતો.

### NIPUN પહેલ



NIPUNનું પૂરું નામ 'National Initiative for Promoting Upskilling of Nirman Workers' છે.

- 1 લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય પ્રશિક્ષણ માટે NIPUN પહેલ શરૂ કરવામાં આવી છે.
- પ્રોજેક્ટ NIPUN એ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)ની પહેલ છે.
- આ પ્રોજેક્ટ 'દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન' (DAY-NULM)ના મુખ્ય કાર્યક્રમ હેઠળ ચલાવવામાં આવી રહ્યો છે.
- આ યોજના હેઠળ બાંધકામ કામદારોને નવા કૌશલ્ય અને ઉચ્ચ કૌશલ્યના કાર્યક્રમો દ્વારા તાલીમ આપવામાં આવશે.
- આ પગલાંથી તેમને વિદેશમાં પણ કામની તકો મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કઈ સંસ્થા આ પ્રોજેક્ટ અમલમાં મૂકશે ?

NIPUN પ્રોજેક્ટ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા અમલમાં મૂકવામાં આવશે, જે કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE) હેઠળ નોડલ એજન્સી છે.

- આ એજન્સી ઉમેદવારની તાલીમ, ટ્રેકિંગ અને દેખરેખના એકંદર અમલ માટે જવાબદાર રહેશે.

### NIPUN પ્રોજેક્ટનું અમલીકરણ

આ પ્રોજેક્ટનું અમલીકરણ ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે :

(1) બાંધકામ સાઈટ્સ પર રેકગ્નિશન ઓફ પ્રાયોર લર્નિંગ (RPL) દ્વારા તાલીમ

(2) પ્લમ્બિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર સ્કિલ કાઉન્સિલ દ્વારા નવી કુશળતાના માધ્યમથી તાલીમ (SSC)

(3) બિલ્ડરો, ઉદ્યોગો અને કોન્ટ્રાક્ટરો દ્વારા આંતરરાષ્ટ્રીય પ્લેસમેન્ટ

## ઓનસાઈટ કૌશલ્ય તાલીમ

RPL સર્ટિફિકેશન હેઠળ ઉદ્યોગ સંગઠનો દ્વારા આશરે 80,000 બાંધકામ કામદારોને ઓનસાઈટ કૌશલ્ય તાલીમ આપવામાં આવશે.

- સેક્ટર સ્કિલ કાઉન્સિલ દ્વારા આશરે 14,000 ઉમેદવારોને નવી કુશળતા પ્રાપ્ત થશે.

## મહત્ત્વ

NIPUN પહેલ દ્વારા શહેરી કામદારોને સ્વ–રોજગાર અને કુશળ વેતન રોજગારની તકો પૂરી પાડીને ઉદ્યોગસાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન અને સમર્થન આપવામાં આવ્યું છે.

- આ પહેલ બાંધકામ ઉદ્યોગ માટે ભવિષ્યના શ્રમબળનું નિર્માણ કરવામાં મદદ કરશે, જે બદલામાં સમગ્ર ભારતમાં નવીનતા અને મોટા પાયે વૃદ્ધિને વેગ આપશે.
- તે અન્ય સંબંધિત મંત્રાલયો સાથે કન્વર્જન્સીની સુવિધા અને સમર્થન કરશે.




**1.** 'સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(D)**

**2.** 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(D)**

**3.** તાજેતરમાં RBIએ 'Payments Vision 2025' દસ્તાવેજ રજૂ કર્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને RBIના પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમના નિયમન અને દેખરેખ માટે બોર્ડના માર્ગદર્શન હેઠળ ઘડવામાં આવ્યું છે.
2. તે પેમેન્ટ વિઝન 2019-21ની પહેલ પર આધારિત છે.
3. આ દસ્તાવેજમાં Bigtech અને Fintech માટેના નિયમોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
4. પેમેન્ટ્સ વિઝન 2025 દસ્તાવેજનો ઉદ્દેશ્ય વપરાશકર્તાને સુરક્ષિત અને સસ્તુ ઈ–ચુકવણી વિકલ્પ પ્રદાન કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4.** NIPUN પહેલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'National Initiative for Promoting Upskilling of Nirman Workers' છે.
2. 1 લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય પ્રશિક્ષણ માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે.
3. તે આવાસ અને શહેર બાબતોના મંત્રાલય (MoHUA)ની પહેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

## દિવસ મહિમા : 24 જૂન, પાસપોર્ટ સેવા દિવસ (Passport Seva Divas)

## પ્રથમ 'ભારત-નેપાળ ભારત ગૌરવ પર્યટક ટ્રેન'




21 જૂન, 2022ના રોજ પ્રથમ ભારત–નેપાળ ભારત ગૌરવ પ્રવાસન ટ્રેનનો દિલ્હીના સફદરજંગ રેલવે સ્ટેશનથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવી હતી.

- આ ટ્રેનમાં 500 ભારતીય પ્રવાસીઓ સવાર હતા.
- આ પ્રવાસી ટ્રેન પ્રથમ વખત ભારત અને નેપાળને જોડશે.
- ભારત અને નેપાળ વચ્ચેની ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દેશભરના લોકોને સ્થાપત્ય, ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લેવાની તક પૂરી પાડશે.
- આ ટ્રેનની પ્રથમ યાત્રા (રામાયણ સર્કિટ) જનકપુર (નેપાળમાં)ના ધાર્મિક સ્થળને આવરી લે છે અને અન્ય લોકપ્રિય સ્થળો જેમ કે અયોધ્યા, નંદીગ્રામ, વારાણસી, સીતામઢી, ચિત્રકૂટ, પ્રયાગરાજ, હમ્પી, પંચવટી (નાસિક), રામેશ્વરમ અને ભદ્રાચલમ જેવા અન્ય લોકપ્રિય સ્થળોને આવરી લેશે.
- ભારત ગૌરવ ટ્રેન એ ભારતના લોકોને સમૃદ્ધ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો બતાવવાનો પ્રયાસ છે. આ અનોખા વિચારની કલ્પના રેલવે મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
- આ કોન્સેપ્ટ સમગ્ર દેશમાં મોટા પાયે પર્યટનને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.
- આ ટ્રેન 18 દિવસની મુસાફરી પૂરી કરીને દિલ્હી પરત ફરશે, તે સમગ્ર રામાયણ પ્રવાસમાં લગભગ 8000 કિ.મીનું અંતર કાપશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી રુચિરા કંબોજ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ બન્યા

સુશ્રી રુચિરા કંબોજને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના આગામી કાયમી પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ હાલમાં ભૂટાનમાં ભારતીય રાજદૂત છે.
- તેઓ ટી.એસ.તિરૂમૂર્તિનું સ્થાન લેશે. તથા ટૂંક સમયમાં ચાર્જ સંભાળે તેવી શક્યતા છે.
- સુશ્રી રુચિરા કંબોજ (Ruchira Kamboj) વર્ષ 1987ની સિવિલ સર્વિસીસ બેચના અખિલ ભારતીય મહિલા ટોપર તેમજ વર્ષ 1987ની ફોરેન સર્વિસ બેચના ટોપર રહ્યા છે.
- તેણે ફ્રાન્સના પેરિસમાંથી રાજદ્વારી પ્રવાસની શરૂઆત કરી હતી.
- તથા 1989-91 દરમિયાન ફ્રાન્સમાં ભારતીય દૂતાવાસમાં ત્રીજા સચિવ તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત ઘણા હોદા પર તેમણે સેવા આપી છે.

**નોંધ:** (1) સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ એ ભારતના સૌથી અગ્રણી રાજદ્વારી પ્રતિનિધિ છે.

(2) તે ન્યૂયોર્ક શહેરમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનનું નેતૃત્વ કરે છે.

(3) હાલમાં શ્રી ટી.એસ. તિરુમૂર્તિ ભારતના કાયમી પ્રતિનિધિ છે, તેમની નિમણૂક મે 2020 માં થઈ હતી.

## IISc બેંગ્લુરુ ખાતે સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ (CBR)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

20 જૂન, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ (CBR)નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) ખાતે 280 કરોડ રૂપિયાના ખર્ચે ‘સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ’ (CBR)ની સ્થાપના કરવામાં આવી છે.
- આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાગચી પાર્થસારથી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલનો પણ શિલાયન્સ કર્યો હતો, જે 835 બેડની હોસ્પિટલ છે.
- સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ (CBR) એ એક પ્રકારની સંશોધન સુવિધા છે જે વય–સંબંધિત મગજની વિકૃતિઓના સંચાલન માટે પુરાવા–આધારિત જાહેર આરોગ્ય દરમિયાનગીરીઓ પ્રદાન કરવા જટિલ સંશોધન કરવા પર કેન્દ્રિત છે.

**નોંધ:** (1) IISc ખાતે સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ અથવા મગજ સંશોધન કેન્દ્રની સ્થાપના બિન–લાભાકારી, સ્વાયત્ત સંશોધન સંસ્થા તરીકે કરવામાં આવી હતી.

(2) તે શ્રી ગોપાલકૃષ્ણની અને તેમની પત્ની સુશ્રી સુધા ગોપાલકૃષ્ણન તરફથી ઉદાર ભેટ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. ‘પાસપોર્ટ સેવા દિવસ’ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 22 જૂન (B) 23 જૂન (C) 24 જૂન (D) 25 જૂન (C)

2. તાજેતરમાં પ્રથમ ભારત–નેપાળ ભારત ગૌરવ પ્રવાસન ટ્રેનને ............ના સફદરજંગ રેલવે સ્ટેશનથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવી હતી.

(A) દિલ્હી (B) લખનૌ (C) જયપુર (D) પૂણે (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે તાજેતરમાં કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) સુશ્રી સુમન શાહ (B) સુશ્રી રુચિરા કંબોજ

(C) સુશ્રી રુહિના મહેતા (D) સુશ્રી પલ્લવી પુરોહિત (B)

4. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા સ્થળે ‘સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ’નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) IISc ચેન્નાઈ (B) IISc પૂણે (C) IISc રુરકી (D) IISc બેંગ્લુરુ (D)

## દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (World Vitiligo Day)
## (2) આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ
## (Internatonal Day of the Seafarer)

## વાણિજ્ય ભવન અને નિર્યાત પોર્ટલ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાણિજ્ય ભવનનું ઉદ્‌ઘાટન તથા નિર્યાત (NIRYAT) પોર્ટલનો શુભારંભ કર્યો છે.

### વાણિજ્ય ભવન

વાણિજ્ય ભવન એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું નવું કેમ્પસ છે.

- ઈન્ડિયા ગેટની પાસે નિર્મિત વાણિજ્ય ભવનનો ઉપયોગ મંત્રાલય હેઠળના બે વિભાગો એટલે કે વાણિજ્ય વિભાગ અને ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ દ્વારા કરવામાં આવશે.

### નિર્યાત પોર્ટલ

નિર્યાત (NIRYAT)નું પૂરું નામ 'National Import-Export Record for Yearly Analysis of Trade' છે. (વેપારના વાર્ષિક વિશ્લેષણ માટે રાષ્ટ્રીય આયાત–નિકાસ રેકોર્ડ)

- ભારતના વિદેશી વેપારને લગતી તમામ જરૂરી માહિતી મેળવવા માટે હિતધારકો માટે તેને વન–સ્ટોપ પ્લેટફોર્મ તરીકે વિકસાવવામાં આવ્યું છે.
- વર્ષ 2021માં ભારતે કુલ 670 બિલિયન અમેરિકન ડોલર (આશરે 50 લાખ કરોડ રૂપિયા)ની નિકાસ કરી હતી. કોઈપણ દેશની પ્રગતિમાં નિકાસ મહત્વનો ભાગ ભજવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NIAના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી દિનકર ગુપ્તાની નિમણૂક કરવામાં આવી



23 જૂન, 2022ના રોજ પંજાબના ભૂતપૂર્વ DGP શ્રી દિનકર ગુપ્તાને રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- નોંધનીય છે કે CRPFના મહાનિર્દેશક શ્રી કુલદીપ સિંહને શ્રી વાય.સી.મોદીની નિવૃત્તિ બાદ મે 2021માં NIAનો વધારાનો હવાલો આપવામાં આવ્યો હતો.
- તેઓ 31 માર્ચ, 2024 અથવા આગળના આદેશ સુધી આ પદ સંભાળશે.

## શ્રી દિનકર ગુપ્તા

શ્રી દિનકર ગુપ્તા પોલિસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે.

- તેમણે 2019માં પંજાબ પોલીસના ડિરેક્ટર જનરલનું પદ સંભાળ્યું હતું.
- તેમણે પંજાબના ઈન્ટેલિજન્સ પોલીસના ડિરેક્ટર જનરલ તરીકે પણ સેવા આપી હતી.
- જેમાં પંજાબની ઈન્ટેલિજન્સ વિંગ, ઓર્ગેનાઈઝડ ક્રાઈમ યુનિટ (OCCU) અને સ્ટેટ એન્ટી ટેરેરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા સીધી દેખરેખનો સમાવેશ થાય છે.
- શ્રી દિનકર ગુપ્તાને 1992 અને 1994માં બે પોલીસ શૌર્ય ચંદ્રકોથી નવાજવામાં આવ્યા છે.
- આ ઉપરાંત તેમને વર્ષ 2021માં રાષ્ટ્રપતિ દ્વારા મેરીટોરીયમ સર્વિસ માટે પોલીસ મેડલ તેમજ વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

## NIA

National Investigation Agency (NIA) એ ભારતની આતંકવાદનો સામનો કરવા માટેની સેન્ટ્રલ એજન્સી છે.

- વર્ષ 2008માં મુંબઈમાં થયેલા 26/11 ના આતંકી હુમલા બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 31 ડિસેમ્બર, 2008ના રોજ ભારતીય સંસદ દ્વારા 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008' પસાર કરીને 2009માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારતના કોઈપણ રાજ્યમાં રાજ્યો દ્વારા વિશેષ મંજૂરી સિવાય આંતકવાદ સંબંધિત ગુનાઓની તપાસ કરી શકે છે.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ ઉપરાંત હૈદારાબાદ, ગુવાહાટી, કોચિન, લખનૌ, મુંબઈ, કોલકાતા, રાયપુર અને જમ્મુમાં પણ તેની બ્રાન્ચો આવેલી છે.
- ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત આ એજન્સી કામ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા અપાવનાર સંસ્થા ICE
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
WHY JOIN..... ICE ?
STRATEGY AND WINNING POLICY
સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી
દરેક વિષયની ઊંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી
GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ
93757 01110 / 93280 01110
- GPSC CLASS 1/2
- P.I./ PSI/ ASI
- CONSTABLE
- Dy. s.o.
- Dy. MAMLATDAR
- BINSACHIVALY
- TALATI
- IBPS / SBI
- CLERK

નિષ્ણાત ફેકલ્ટી
બેસ્ટ સ્ટડી મટીરીયલ્સ
5000થી વધુ સફળ ઉમેદવાર
વિકલી OMR ટેસ્ટ
રિવિઝન વર્કશોપ


1. 'વિશ્વ પાંડુરોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાણિજ્ય ભવનનું ઉદ્ઘાટન તથા નિર્યાત (NIRYAT) પોર્ટલનો શુભારંભ કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. વાણિજ્ય ભવન એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું નવું કેમ્પસ છે.
2. તેની સ્થાપના વાણિજ્ય વિભાગ દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પૂણે ખાતે કરવામાં આવી છે.
3. નિર્યાતનું પૂરું નામ 'National Import-Export Record for Yearly Analysis of Trade' છે.
4. નિર્યાત પોર્ટલ ભારતના વિદેશી વેપારને લગતી તમામ જરૂરી માહિતી મેળવવા માટે હિતધારકો માટે તેને વન–સ્ટોપ પ્લેટફોર્મ તરીકે વિકસાવવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

4. NIAના ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી દિનકર ગુપ્તા (B) શ્રી મણીકર પાર્લેકર
(C) શ્રી એ.વાય.મોદી (D) શ્રી મનસુખ જોષી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દેશના રાજ્યોના રમત-ગમત અને યુવા બાબતોના મંત્રીઓની પ્રથમ 'રાષ્ટ્રીય પરિષદ'**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વિશ્વમાં રમત–ગમત ક્ષેત્રે ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેના સામુહિક ચિંતન મંથન માટે દેશની સૌપ્રથમ એવી રમત–ગમત અને યુવા બાબતોના મંત્રીઓની બે દિવસીય પરિષદ સ્ટેચ્યુ ઓફ યુનિટી– એકતાનગર ટેન્ટસીટી ખાતે યોજાઈ હતી. દેશના વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના રમત–ગમત મંત્રીશ્રીઓ, રમત–ગમતના સચિવશ્રીઓ અને ભારત સરકારના સંબંધિત મંત્રાલયોના ઉચ્ચ અધિકારીશ્રીઓ આ પરિષદમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા નિર્દેશનમાં ભારતની ખેલ–કુદ ઈકો સિસ્ટમને વધુ સંગીન બનાવી ખેલ કુદ વિશ્વના નકશે દેશને વધુ ઉંચુ સ્થાન અંકિત કરાવવામાં આ રાષ્ટ્રીય પરિષદમાં થયેલું વિચાર–મંથન અને નિષ્કર્ષ મહત્ત્વપૂર્ણ બનશે.

## ભારત

➤ **eSanjeevani ABDM સાથે સંકલિત**

3 જૂન, 2022ના રોજ નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)એ જાહેરાત કરી છે કે સરકારની 'ઈ–સંજીવની' ટેલીમેડિસિન સેવા આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે સંકલિત કરવામાં આવી છે. આ એકીકરણ હાલના ઈ–સંજીવની વપરાશકર્તાઓને તેમનું આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA) સરળતાથી બનાવવામાં મદદ કરશે. વપરાશકર્તાઓ તેમના હાલના આરોગ્ય રેકોર્ડને ઉમેરવા અને તેનું સંચાલન કરવા માટે પણ તેનો ઉપયોગ કરી શકશે. નોંધનીય છે કે આયુષ્માન ભારત ડિજિટલ મિશનનો હેતું ભારતમાં હાલના ડિજિટલ હેલ્થ સોલ્યુશન્સ અને હિતધારકો વચ્ચેના અંતરને દૂર કરવા માટે ડિજિટલ રાજમાર્ગ બનાવવાનો છે. ઈ–સંજીવની સેવા બે પ્રકારમાં ઉપલબ્ધ છે : (1) eSanjeevani Ayushman Bharat- Health and Wellness Center (AB-HWC) – તે ડોક્ટર–ટુ–ડોક્ટર ટેલિમેડિસિન સેવા છે. (2) eSanjevani OPD–આ પ્લેટફોર્મ સમગ્ર ભારતમાં દર્દીઓને તેમના ઘરેથી સીધા જ ડોક્ટરો સાથે જોડીને સેવા આપી રહ્યું છે.

**➤ એન્નમ એઝુથમ યોજના**

તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી એમ.કે.સ્ટાલિને 'એન્નમ એઝુથમ યોજના' શરૂ કરી હતી. આ યોજના કોવિડ–19 મહામારીના પરિણામે 8 વર્ષથી ઓછી વયના વિદ્યાર્થીઓમાં ભણતરનું અંતર ઘટાડવા માટે શરૂ કરવામાં આવી છે. તેનો ધ્યેય 2025 સુધીમાં પાયાની સંખ્યા અને સાક્ષરતા સુનિશ્ચિત કરવાનો છે. આ યોજના હેઠળ શિક્ષણ વિભાગ 1 થી 3ના વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસના અંતરનું મૂલ્યાંકન કરવા અને તેને પૂર્ણ કરવા માટે વર્કબુકનું વિતરણ કરશે. નોંધનીય છે કે આ પહેલ હેઠળ બાળકોને તમિલ, અંગ્રેજી અને ગણિત એમ ત્રણ વિષયોની તાલીમ આપવામાં આવશે.

**➤ ભારતે દરિયાકાંઠાની સફાઈ અભિયાનની જાહેરાત કરી**

16 જૂન, 2022ના રોજ કેન્દ્ર સરકારે 2022માં 75 બીચ માટે તટીય સફાઈ અભિયાનની જાહેરાત કરી છે. નવી દિલ્હીમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પૃથ્વી ભવનમાં આયોજિત બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રી શ્રી જિતેન્દ્રસિંહે આ જાહેરાત કરી હતી. આ વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય તટીય સફાઈ દિવસ 2022' પણ મનાવવામાં આવશે. નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય તટીય સફાઈ દિવસ સપ્ટેમ્બર મહિનાના ત્રીજા રવિવારે ઉજવવામાં આવે છે.

**➤ IIT મદ્રાસે સેપ્ટિક ટાંકી સાફ કરવા માટે રોબર્ટ વિકસાવ્યો**

IIT મદ્રાસે સેપ્ટિક ટાંકીઓ સાફ કરવા અને ભારતમાં મેન્યુઅલ સ્કેન્જિંગ પ્રથાને દૂર કરવા માટે એક રોબર્ટ વિકસાવ્યો છે. આ રોબર્ટનું નામ HOMOSEP છે. સમગ્ર તમિલનાડુમાં કુલ દસ રોબર્ટ તૈનાત કરવાની યોજના છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર અને ગુજરાતની કેટલીક જગ્યાઓ પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. સેપ્ટિક ટાંકી એ ઝેરી વાતાવરણ છે. તે અર્ધ–ઘન અને અર્ધ–પ્રવાહી માનવમળ સામગ્રી થી ભરેલું છે.

**➤ હિમાચલપ્રદેશમાં આંતરરાષ્ટ્રીય સાહિત્ય ઉત્સવ 'ઉન્મેષ'નું આયોજન કરવામાં આવ્યું**

શિમલાના ગેયટી થિયેટરમાં ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સાહિત્ય ઉત્સવ 'ઉન્મેષ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉન્મેષ ફેસ્ટિવલ 15 દેશોમાંથી લગભગ 425 લેખકો, કવિઓ, વિવેચકો, અનુવાદકો અને નોંધપાત્ર વ્યક્તિઓને એક સાથે લાવે છે, આ ઉત્સવ દરમિયાન નાગરિક અધિકાર ચળવળને લગતા 100 થી વધુ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ઉન્મેષ એ અભિવ્યક્તિનો ઉત્સવ છે. આ ઉત્સવ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો આંતરરાષ્ટ્રીય સાહિત્યિક ઉત્સવ છે. ઉન્મેષ મહોત્સવનું આયોજન કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને સાહિત્ય અકાદમી દ્વારા હિમાચલ પ્રદેશ સરકારના કલા અને સંસ્કૃતિ વિભાગના સહયોગથી કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સુશ્રી દ્રૌપદી મુર્મુ**

તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીએ સુશ્રી દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિની ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે નોમિનેટ કર્યા છે. ચૂંટણી જીત્યા બાદ તે ભારતના પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ બનશે. દ્રૌપદી મુર્મુ ભારતીય જનતા પાર્ટીના નેતા છે. તેમનો જન્મ 20 જૂન, 1958ના રોજ ઓડિશાના મયુરભંજ જિલ્લામાં થયો હતો. તેઓ આદિવાસી સમાજના છે. તેઓ 1997માં રાયરંગપુર નગરપંચાયતના કાઉન્સિલર તરીકે ચૂંટાયા હતા. તેઓ ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જનજાતિ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે પણ રહી ચૂક્યા છે. નોંધનીય છે કે તેઓ ઝારખંડના પ્રથમ મહિલા રાજ્યપાલ હતા. ભારતીય રાજ્યના ગર્વનર તરીકે નિયુક્ત થનારા તેઓ ઓડિશાના પ્રથમ આદિવાસી નેતા હતા. તેઓ 2015 થી 2019 સુધી ઝારખંડના રાજ્યપાલ હતા.

## વિશ્વ

➤ **24મી આસિયાન-ભારત બેઠક**

તાજેતરમાં દિલ્હીમાં 24મી ASEAN-ભારત વરિષ્ઠ અધિકારીઓની બેઠક (SOM) યોજાઈ હતી. ભારત અને ASEANએ તેમના સંવાદ સંબંધોની 30મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. આ બેઠકમાં ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારી અને તેની ભાવી દિશાની સમીક્ષા કરી હતી. નેતાઓને ભાગીદારીના ત્રણ સ્તંભો–રજકીય સુરક્ષા, આર્થિક અને સામાજિક–સાંસ્કૃતિક હેઠળ સહકારની પ્રગતિ પર તેમના મૂલ્યાંકન કર્યા હતા. બેઠકમાં ASEAN-ભારત એક્શન પ્લાન (2021-2025)ના વધુ અમલીકરણ માટેના પગલાની ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ કોવિડ–19 મહામારી અને મહામારી પછીની પુનઃપ્રાપ્તિ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **UNCTAD વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ**

યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD) અનુસાર ભારત વર્ષ 2021માં FDIના ટોચના પ્રાપ્તકર્તાઓમાં એક સ્થાનની છલાંગ લગાવીને 74મા સ્થાને પહોંચી ગયું છે. UNCTADએ તેના નવીનતમ વિશ્વ રોકાણ અહેવાલમાં આ જાહેરાત કરી હતી. આ અહેવાલ મુજબ ભારતમાં FDIનો પ્રવાહ 2021માં ઘટીને 45 મિલિયન અમેરિકન ડોલર થઈ ગયો જે 2020માં 64 મિલિયન અમેરિકન ડોલર હતો. 367 મિલિયન અમેરિકન ડોલર સાથે FDI મેળવવામાં અમેરિકા ટોચ પર છે. અમેરિકા પછી 181 અબજ ડોલર સાથે ચીન અને 141 અબજ ડોલર સાથે હોંગકોંગનો નંબર આવે છે.

➤ **મહિલા શાંતિ અને સુરક્ષા સેમિનાર**

**ભારતીય મહિલા સૈનિકોએ મંગોલિયાના ઉલાનબાતારમાં 'મહિલા શાંતિ અને સુરક્ષા સેમિનાર'માં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ મંગોલિયાના રાષ્ટ્રપતિ ઉખના ખુરલસુખના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો. મંગોલિયાના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રના શાંતિ અભિયાનોમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપશે.**

## ICE ? Questions

➤ તાજેતરમાં ............ખાતે દેશના રાજ્યોના રમત–ગમત અને યુવા બાબતોના મંત્રીઓની પ્રથમ 'રાષ્ટ્રીય પરિષદ' યોજાઈ હતી. – સ્ટેચ્યુ ઓફ યુનિટી

➤ તાજેતરમાં દિલ્હીમાં કેટલામી ASEAN-ભારત વરિષ્ઠ અધિકારીઓની બેઠક યોજાઈ હતી ? – 24મી

➤ નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)એ જાહેરાત કરી છે કે સરકારની 'ઈ–સંજીવની' ટેલીમેડિસિન સેવા .........સાથે સંકલિત કરવામાં આવી છે. – આયુષ્માન ભારત ડિજિટલ મિશન

➤ UNCTAD અનુસાર ભારત વર્ષ 2021માં FDIના ટોચના પ્રાપ્તકર્તાઓમાં એક સ્થાન છલાંગ લગાવીને ......માં સ્થાને પહોંચી ગયું છે. – 7

➤ એન્નમ એઝુથમ યોજના કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તમિલનાડુ

➤ ભારતીય મહિલા સૈનિકોએ તાજેતરમાં કયા દેશના ઉલાનબતારમાં 'મહિલા શાંતિ અને સુરક્ષા સેમિનાર'માં ભાગ લીધો હતો ? – મંગોલિયા

➤ વર્ષ 2022માં કેટલા બીચ માટે તટીય સફાઈ અભિયાન માટે કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે ? – 75

➤ તાજેતરમાં કોણે સેપ્ટિક ટાંકી સાફ કરવા માટે રોબર્ટ વિકસાવ્યો છે ? – IIT મદ્રાસ

➤ ..........માં આંતરરાષ્ટ્રીય સાહિત્ય ઉત્સવ 'ઉન્મેષ'નું આયોજન કરવામાં આવ્યું હતું. – હિમાચલ પ્રદેશ

➤ તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીએ..........ને રાષ્ટ્રપતિની ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે નોમિનેટ કર્યા છે. – સુશ્રી દ્રોપદી મુર્મુ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. તાજેતરમાં મેઘાલયમાં શોધાયેલ 'Glischropus Meghalayanus' કઈ પ્રજાતિ સાથે સંબંધિત છે ? – ચામાચીડિયુ
2. કયા દેશે SCO સભ્ય દેશો માટે 'Solidarity- 2023' નામની સંયુક્ત સરહદ કામગીરીનું આયોજન કરવાનો પ્રસ્તાવ મુક્યો છે ? – ચીન
3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ગૈયા મિશન' (Gaia Mission) કઈ અવકાશ એજન્સી સાથે સંકળાયેલું છે ? – ESA
(યુરોપિયન સ્પેસ એજન્સી (ESA)ના ગૈયા મિશનએ નવા ડેટાનો સમૂહ બહાર પાડ્યો છે, જે Starquakes ઘટનાનો ખુલાસો કરે છે. Starquakes એ તારાઓની સપાટી પર મોટા પાયાની હિલચાલ છે, ધરતીકંપની જેમ.)
4. સ્કાઈટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ્સમાં કયા ભારતીય એરપોર્ટને 'ભારત અને દક્ષિણ એશિયામાં શ્રેષ્ઠ પ્રાદેશિક એરપોર્ટ'નો એવોર્ડ આપવામાં આવ્યો છે ? – બેંગ્લોર ઈન્ટરનેશનલ એરપોર્ટ
5. સ્થળાંતર કરનારાઓની ડેટા બેંકને વિસ્તૃત કરવા માટે કયા રાજ્યએ 'પ્રવાસન સર્વેક્ષણ' (Migration Survey) હાથ ધરવાની જાહેરાત કરી છે ? – કેરળ
6. ...........ના ખુવ્સગુલ લેક નેશનલ પાર્કને યુનેસ્કો રિઝર્વ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યું છે. – મંગોલિયા
7. તાજેતરમાં ઈઝરાયેલ અને ............રાજ્ય સરકારે ક્ષમતા નિર્માણ અને સંકલિત નળ સંસાધન વ્યવસ્થાપન પર સંયુક્ત ઘોષણા પર હસ્તાક્ષર કર્યા હતા. – હરિયાણા
8. નિર્માણ કામદારોના કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય પહેલ (NIPUN) એ કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
9. ભારતમાં 8મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું મુખ્ય સ્થળ કયું હતું ? – મૈસુર
10. તાજેતરમાં વિશ્વની સૌથી મોટી તાજા પાણીની માછલી કયા દેશમાં મળી આવી છે ? – કંબોડિયા
(કંબોડિયા મેકોંગ નદીમાં પકડાયેલી 300 કિલોની સ્ટિંગ્રે વિશ્વની અત્યાર સુધીની સૌથી મોટી તાજા પાણીની માછલી છે.)
11. વન નેશન વન રેશન કાર્ડ (ONORC) લાગુ કરનાર આસામ ભારતનું .........મું રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું છે. – 36
12. શ્રી ગુસ્તાવો પેટ્રો કયા દેશના રાષ્ટ્રપતિ બન્યા છે ? – કોલંબિયા
13. કયા દેશમાં ઓશનિક્સ સિટી નામનું તરતું શહેર સ્થપાઈ રહ્યું છે ? – ઉત્તર કોરિયા
14. બાશી ચેનલ જે તાજેતરમાં સામાચારોમાં હતી, તે પેસિફિક મહાસાગરમાં કયા સ્ટ્રેટનો ભાગ છે ? – લુઝોન સ્ટ્રેટ
15. તાજેતરમાં..........રાજ્યમાં બે પર્યાવરણીય જૂથોએ બેડતી–વરદા નદીને એકબીજા સાથે જોડવાના પ્રોજેક્ટની ટીકા કરી છે. – કર્ણાટક
(વરદા નદી મધ્ય કર્ણાટકમાં તુંગભદ્રા નદીની ઉપનદી છે. કર્ણાટક સરકાર હાલમાં સૂચિત બેડતી–વરદા નદીના જોડાણ અંગેના પ્રોજેક્ટ માટે પર્યાવરણવાદીઓની ટીકાઓનો સામનો કરી રહી છે.)
16. તાજેતરમાં સમાચારમાં રહેલ રઘુરાજપુર નીચેનામાંથી કયા પ્રકારની ચિત્રકળા માટે પ્રખ્યાત છે ? – પટ્ટચિત્ર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE

# જે આપના સપનાઓને સાકાર કરે...

# Congratulations



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| AAKASH UNAGAR | ADARSH JAMOD | ADITYA CHAUHAN | AJAY DABHI | JILKUMAR PATEL | KOMAL KOCHARA | KRISHNA ODEDARA | KULDEEP DANIDHARIYA |
| AMARDEEPSINH JADEJA | BRIJESH PANDOR | DHARA CHAUHAN | KAUSTUBH DAVE | POOJA GOSWAMI | PUNIT VIRADIYA | MAHIPATSINH SINDHAV | PRADIP PARMAR |
| AARTI VITHLANI | AJAY BHOJANI | DEEP HALPARA | KRISHNABA JADEJA | MAISURI VORA | NAVIN CHAUHAN | NIRALI DESAI | SANTOKBEN KUCHHADIYA |
| DEEPRAJSINH JADEJA | HEMANSHU TRIVEDI | JAGRUTI CHAVDA | BHAVIKA SHIYAR | PANKAJ RATHOD | PARTH BALASRA | SHITAL LUNAGARIYA | PRIYA BOPALIYA |
| AMIT SINDHAV | ARJUN LAVADIYA | KULDEEPSINH SARVAIYA | SHITAL PARMAR | HIREN LAKHANI | JAGRUTI BALAS | MEERA PAMPANIYA | NISHA MARAKNA |
| BHUMI GANDECHA | PUSHPENDRA THAKUR | RAMESH VASARA | PRADIPKUMAR SANGHANI | RINA NAKUM | VINAY VAJA | VIRAL BHADRESVARA | ALPA GUJARATI |
| RAJESH GADHAVI | JIGNESH RANA | VISHAL PADVI | ANJALI PARMAR | SMIT AHYA | SEJAL KAMALIYA | SOHAM RATHOD | SONAMBEN ADROJA |
| ASHISH TILVA | DHAVAL RENUKA | GOVIND CHAVDA | HIREN DAVERA | SHEETAL DODIYA | JAGRUTI PARMAR | TAXASHILA MUSADIYA | DIVYESH RAVRANI |
| VIJAYRAJSINH RATHOD | ASMITABA ZALA | DIVANSINH KATHIYA | BHAVANA BABARIYA | VAISHALI JOBANPUTRA | RAM KARAMTA | HEMANTKUMAR HADIYAL | |

“સફળતાની
એક જ કહાની
ICE સંગે
કારકિર્દી
દીવાની”

**બિનસચિવાલયની લેખિત પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર**
**ICEના સર્વે વિદ્યાર્થીમિત્રોને ખૂબ ખૂબ અભિનંદન...**

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT